# S.U.G. College of Education, Vasna, Ahmedabad
# Semester-1
# EPC-2
# Art in Education
# શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel

# સંગીત

# WELCOME!




Thanks for joining us

# સંગીત:

1. સંગીત

- ગાયન, વાદન અને નર્તનના સમન્વયને સંગીત કહે છે.

ગાયન- ગાવું

વાદન- વગાડવું

નર્તન- નૃત્ય

2. આરોહ:

સ્વરોના ચઢતા ક્રમને આરોહ કહે છે.

સા

ની

ધ

પ

મ

ગ

રે

સા

3. અવરોહ:

સા

ની

ધ

પ

મ

ગ

રે

સા

4. તાલ:

ગીતની ગતિ માપવાના સાધનને તાલ કહે છે.તાલ એ પુનરાવર્તિત લય પદ્ધતિ છે .જે સામાન્ય રીતે તબલા અથવા નાના ડ્રમ્સ દ્વારા વગાડવામાં આવે છે .

5. લય:

લય એટલે તાલની ગતિ.

લયનાં કુલ ત્રણ પ્રકાર છે .

(1 ) વિલંબિત લય

(2 ) મધ્યમ લય

( 3 ) દ્રુત લય

6. સમ અને ખાલી:
સમ- તાલની પહેલી માત્રાને સમ કહે છે.
ખાલી- તાલમાં આવતી સમ પછીની માત્રાને ખાલી કહે છે.
જેમાં તાલી આપવાની હોતી નથી.

7. સ્વર:

સા - ષડજ
રે - રિષભ
ગ - ગંધાર
મ - મધ્યમ
પ - પંચમ
ધ - ધૈવત
ની - નિષાદ

9. અલંકાર:

વિશિષ્ટ અને અનુક્રમવાળી સ્વર રચના છે તેને અલંકાર અથવા પલટા કહે છે.

10. રાગ:

આરોહ-અવરોહ વાળી નિયમ બદ્ધ રચનાને રાગ કહે છે.

# સંગીત દ્વારા શિક્ષણ

01 સંગીત શિક્ષણના સામાન્ય હેતુઓ

02 સંગીતના ઉપયોગ દ્વારા શિક્ષણકાર્ય

03 સંગીતનો અન્ય વિષય સાથે અનુબંધ

04 વર્ગખંડમાં સંગીતના વિનિયોગ વખતે ધ્યાનમાં રાખવાનીબાબતો

# સંગીત શિક્ષણના સામાન્ય હેતુઓ

- સંગીતના ત્રણ પાસાં : ગાયન, વાદન અને નર્તનથી પરિચિત થાય.
- સંગીતનાં વાદ્યોથી પરિચિત થાય .
- સરળ અલંકાર, રાગ, તાલથી પરિચિત થાય.
- સંગીત દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય.
- વિદ્યાર્થીઓમાં સંગીતનો રસ ઉત્પન્ન થાય.
- વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને ભાવાત્મક વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ થાય .
- શાળાનું પ્રાર્થના સંમેલન આકર્ષક અને રસપ્રદ બને.
- પ્રાર્થનાગીતો, ભજન, રાષ્ટ્રગાન , રાષ્ટ્રીય ગીત, પ્રેરણાગીતો, ઋતુગીતો, ઉત્સવગીતો, લોકગીતો, કૂચ ગીતો વગેરે ગાતાં શીખે.

# સંગીત શિક્ષણના સામાન્ય હેતુઓ

- સ્પષ્ટ ઉચ્ચારણ અને અવાજ કાઢવાની સાચી ટેવ પડે.
- બાળકો લોકનૃત્યો વિશે જાણે.
- લોક-સંગીતનો પરિચય મેળવે.
- બાળક સુરીલું ,લયબદ્ધ અને તાલબદ્ધ બને
- આત્મવિશ્વાસ કેળવાય ,
- શ્રવણ કૌશલ્ય વિકસે.
- બાળકનો માનસિક, સામાજિક, ભાવાત્મક વિકાસ થાય.
- રાષ્ટ્રપ્રેમ  અને રાષ્ટ્રગૌરવ જેવા ગુણો કેળવાય.
- શિક્ષણની સમગ્ર પ્રક્રિયા આનંદદાયી બને.
- વિદ્યાર્થીઓ વિવિધ વિષયોનું જ્ઞાન સહજ રીતે અને સરળતાથી મેળવે.
- વિદ્યાર્થીઓમાં વિવિધ માનવીય મૂલ્યોનો વિકાસ થાય .

# શિક્ષણકાર્યમાં સંગીતનું મહત્વ :

- પ્રાચીનકાળથી ભારતમાં સંગીતને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.
- વૈદિકકાળમાં સામવેદ-ઋચાઓનું પઠન સંગીતની શૈલીમાં થતું.
- યાજ્ઞવલ્કયસ્મૃતિના એક શ્લોકમાં સંગીતને મોક્ષમાર્ગના સાધન તરીકે વર્ણવવામાં અવ્યું છે.
- ભારતમાં સંગીતનો વિવિધ શૈલીમાં વિકાસ થયેલો જોવા મળે છે. જે ધ્રૂપદ શૈલી, કર્ણાટકી, શૈલી, શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોકગીત, ગાંધાર શૈલી વગેરેનો સમાવેશ થાય છે.
- રાજા-મહારાજાઓના શાસનકાળ દરમિયાન અનેક ઘરાનાઓ અસ્તિત્વ ધરાવતા હતા જેઓ વિવિધ શૈલીમાં સંગીતની આરાધના કરતા હતા. ત્યારબાદ સંગીતને શાળામાં પણ સ્થાન આપવામાં આવ્યું.

# શિક્ષણકાર્યમાં સંગીતનું  મહત્વ :

- સંગીત શિક્ષક માટે ઉત્તમ માધ્યમ ગણાય છે.
- સંગીત દ્વારા વર્ગખંડના વાતાવરણ પર નિયંત્રણ રાખી શકાય .
- શિક્ષક અલગ-અલગ પરિસ્થિતિમાં નોંધપાત્ર રીતે સંગીતનો ઉપયોગ કરી શકે .
- બાળક કોઈ પણ વિષયની બાબતમાં નિપુણતા પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી શકે છે.
- સંગીત દ્વારા બાળક શિક્ષણમાં કંઠસ્થ કરવામાં કુશળતા પ્રાપ્ત કરતો થાય છે.
- બાળક તેની સર્જનશક્તિનો ઉપયોગ કરતો થાય છે અને તેના બધા જ કામ માં સુધારો લાવી શકે છે.
- સંગીત તેમજ સંગીતના વાદ્યો શીખવાથી બાળક અનેક પરિસ્થિતિઓમાં પોતાના ધ્યેય, સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.
- અભ્યાસ કરવામાં બાળકોને વધુ રસ પડે છે.

# શિક્ષણકાર્યમાં સંગીત નું  મહત્વ:

- સંગીતના શ્રવણથી મનને શાંતિ મળે છે .તણાવમાંથી મુક્તિ મળે છે .
- કાર્યમાં ઉત્સાહ આવે છે અને એકાગ્રતામાં વધારો થાય છે .
- સંગીત લય ,તાલ અને શબ્દોના સમન્વયથી સર્જાય છે આથી
- સ્વરો ,લયબધ્ધ્તા અને તાલ જેવા અમૂર્ત ખ્યાલો સાથે જોડે છે .
- સંગીત દ્વારા સ્મૃતિશક્તિમાં વધારો થાય છે.
- ગણનશક્તિનો વિકાસ થાય છે .
- સંગીત દ્વારા સમૂહજીવનનું પ્રશિક્ષણ મળે છે .
- સંગીત દ્વારા પ્રકૃતિનું સૌદર્ય મૂલ્ય પ્રાપ્ત કરી શકે છે .
- ચારિત્ર્ય નિર્માણ માટે વિધાયક કામ કરે છે .
- સ્વયં શિસ્ત કેળવી શકાય

- સામવેદ ગ્રંથ સંગીતની ગંગોત્રી ગણાય છે .

સંગીતના ગ્રંથો

1.સંગીત મકરંદ

2 .સંગીત રત્નાકર

3 .સંગીત પારિજાત

- આપણા સંગીતમાં મુખ્યત્વે પાંચ રાગ આવે છે .
- 1.શ્રી
- 2.દીપક
- 3.હિંડોળ
- 4.મેઘ
- 5.ભૈરવી

# સંગીતનો અન્ય વિષયો સાથે અનુબંધ

- સંગીતને તમામ વિષયો સાથે અનુબંધિત કરી શકાય છે. સંગીત દ્વારા અન્ય વિષયોને સરળ, રસપ્રદ અને અસરકારક બનાવી શકાય છે.

દા.ત.

- સંગીતના સૂરમાં- ધ્વનિ વિજ્ઞાન
- તાલમાં - ગણિત
- નૃત્યમાં - યોગ
- - શારીરિક શિક્ષણ
- પ્રકૃતિ ગીતોમાં - પર્યાવરણ

- લોકગીત, ભજન, શૌર્ય ગીતોમાં - સામાજિક વિજ્ઞાન
- આમ, સંગીતને અન્ય વિષય સાથે અનુબંધિત કરી શિક્ષણકાર્ય સરળ અને આનંદદાયી બનાવી શકાય છે.
- વિષયપ્રવેશ કે હેતુ કથન માટે એકમના અંતે પૂરકગીત ગવડાવી શકાય .
- વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે તે માટે વચ્ચે વચ્ચે સંગીતનો ઉપયોગ કરી શકાય .
- અભિનય અને નૃત્ય દ્વારા કોઈપણ એકમને રસપ્રદ બનાવી શકાય.

# વર્ગખંડમાં સંગીતના વિનિયોગ વખતે ધ્યાનમાં રાખવાનીબાબતો

પ્રાર્થના સંમેલનનું યોગ્ય આયોજન કરવું.

- ગીત વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ.
- ગીત સાદું, સરળ હોવું જોઇએ.

ગીતોની સ્વર રચના સરળ, મધુર અને કર્ણપ્રિય હોવી જરૂરી છે.

શક્ય હોય તો સંગીતના સાધનોનો અવશ્ય ઉપયોગ કરવો.

- શક્ય હોય ત્યાં સુધી ગીતો અભિનય સાથે કરાવવા.
- રાષ્ટ્રગાન અને રાષ્ટ્રીય ગીત પૂરા આદર સન્માન સાથે ગવાય તે અત્યંત જરૂરી છે .
- નિયત સમયમર્યાદા જ ગવાય તેનું ધ્યાન રાખવું. ( રાષ્ટ્રગાન -52 સેકંડ )
- ગીત ગાવું ,ગવડાવવું પરંતુ ગોખાવવું નહિં.
- દરેક વિદ્યાર્થીને ગાયન, વાદનની સમાન તક આપવી.
- ગાયન-વાદનમાં વિશિષ્ટ શક્તિ ધરાવતાં બાળકોને અલગ તારવી સંગીત વૃન્દ તૈયાર કરાવવું.
- સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગાયન, વાદન, નૃત્ય નાટ્યની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું.
- ગીત ગવડાવ્યા પછી પ્રશ્નોત્તરી કરવાનું ટાળવું, બાળકોને ગીતનો આનંદ લેવા દેવો.

“

# સંગીત વિના બધી કેળવણી મારે મન અધૂરી છે .

ગાંધીજી

# THANK YOU!

